# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2023** **Midday : 2.30 to 2.35pm**

**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Cleanliness and service

ગુજરાતના તમામ જિલ્લાઓમાં આજે સ્વચ્છતા માટે એક તારીખ, એક કલાક એક સાથે પહેલના ભાગરૂપે વિવિધ શ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. અમારા અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટે જણાવ્યુ કે  કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ રાણીપ ખાતે 'એક તારીખ, એક કલાક'નાં સ્વચ્છતા અભિયાન સાથે યોજાયેલી મહાશ્રમદાન પ્રવૃત્તિમાં સહભાગી થયા હતા.'સ્વચ્છતા હી સેવા-2023'ની વિષયવસ્તુ 'ગાર્બેજ ફ્રી ઇન્ડિયા' અંતર્ગત રાણીપ AMTS બસ સ્ટોપ અને તેની આસપાસના વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી હતી. ગૃહમંત્રી સ્થાનિકો અને સફાઈ કામદારો સાથે આ શ્રમદાન પ્રવૃત્તિમાં સહભાગી થયા હતા.

આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર પ્રતિભા જૈન, ધારાસભ્ય  જીતુભાઈ પટેલ સહિતના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ સેવા યજ્ઞમાં જોડાયા  હતા.

આજે રાજય વિધાનસભામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઇ ચૌધરીએ મહાત્મા ગાંધી, વિઠ્ઠલભાઇ પટેલ અને સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. વિધાનસભાના પરિસરમાં અધ્યક્ષશ્રી ચૌધરી સહિતના કર્મચારીઓ શ્રમદાનમાં જોડાયા હતા.

આ તકે શ્રી ચૌધરીએ જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રીના સ્વચ્છતાના આહવાનને નવી પેઢીએ પોતાનો જીવનમંત્રી બનાવ્યો છે.

મુખ્યમંત્રી  ભુપેન્દ્ર પટેલ ઘાટલોડિયા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

રાજ્ય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ વડોદરા જિલ્લાના પોર સ્થિત પ્રસિદ્ધ બળિયાદેવ મંદિર પરિસરની સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું હતું.

આ પ્રસંગે શિક્ષણમંત્રીએ વડોદરા તાલુકા પંચાયતમાંથી છેલ્લા ત્રણ દિવસમાં એકત્ર કરાયેલા ૨૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટિક કચરાને લઈને જતી ગાડીને લીલી ઝંડી બતાવી

હતી. આ પ્લાસ્ટિક કચરો વેસ્ટમાંથી લોકોપયોગી વસ્તુઓ બનાવતી એક એન. જી. ઓ. ને આપવામાં આવશે.

સાથે સાથે આ જ સંસ્થા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટમાંથી બનાવેલા કુંડાને જોઈને મંત્રીશ્રીએ સમગ્ર પ્રકિયા અને વિગતો જાણી પ્રસંશા કરી હતી. ઉપરાંત આ ઝુંબેશના ભાગરૂપે વડોદરાના સુરસાગર તળાવમાં 6 BN N. D. R. F અને સિવિલ એડમિનિસ્ટ્રેશન અને NGO દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.

અમારા મહીસાગર જીલ્લાના સંવાદદાતા કૌશિક જોશી જણાવે છે કે લુણાવાડામાં સફાઈ અભિયાનમાં શિક્ષણ મંત્રી કુબેરભાઇ ડીંડોર જીલ્લા કલકેટર જીલ્લા વિકાસ અધિકારી જીલ્લા પોલીસવડા સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. જેમાં જાહેર માર્ગ અને રહેણાંક વિસ્તારમાં કચરો ન ફેંકવા અપીલ કરાઈ હતી.

મોરબી જીલ્લાના સંવદદાતા રવિ મોટવાનીએ જણાવ્યું કે, પૂજ્ય મોરારી બાપુ અને સાંસદ મોહનભાઈ કુંડારિયાએ શ્રમદાન કરીને સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

આજે સ્વચ્છતા અભિયાનમાં સૌ કોઈ જોડાઈ સકે તેવા હેતુથી કથાના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હતો સવારે અગ્રણીઓ અને ભક્તો સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા અને બાદમાં કથા શ્રવણનો લાભ લીધો હતો

ભાવનગરના સંવાદાતા સુરેશ ત્રિવેદીએ જણાવ્યું કે, કોળિયાકના દરિયા કિનારે જિલ્લા વિકાસ અધિકારી ની ઉપસ્થિતિમાં શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાવનગર પ્રાંત અધિકારી હિતેશ ઝણકાટ અને ટી.ડી.ઓ પી. કે. રાવત સહિતનો સ્ટાફ જોડાયો હતો.

મહેસાણાના સંવાદદાતા જયંતિ ચૌધરીએ જણાવ્યું કે, દુધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરી તેમજ સૌનિક સ્કૂલ ના વિધાર્થીઓ દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત સફાઈ કરવામાં આવી હતી.

કચ્છના સંવાદદાતા હેમાંગ પટણીએ જણાવ્યું કે, ભુજ તાલુકાના મેઘપર ગામે એક તારીખ એક કલાક અભિયાન અંતર્ગત સમૂહ સફાઈ અને શપથ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા અને જાહેર માર્ગોની સફાઈ કરી હતી.

આ ઉપરાંત સ્વચ્છતા માટે દર વર્ષે 100 કલાક એટલે કે દર અઠવાડિયે 2 કલાક શ્રમદાન કરવાના સમૂહ શપથ પણ લીધા હતા.

સુરેન્દ્રનગરના સંવાદદાતા દિનેશ પરમાર જણાવે છે કે, દેશભરમાં ચાલી રહેલા ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં વિવિધ અધિકારીશ્રીઓની આગેવાની હેઠળ લોકોએ આજે મહાશ્રમદાન કર્યું હતું.

જે અંતર્ગત નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણાએ સુરેન્દ્રનગર મેઈન રોડ ખાતે આવેલ મોટી શાક માર્કેટની સ્વચ્છતા માટે શ્રમદાન કરી સ્વચ્છ ભારત અભિયાનમાં સહભાગી થવા સૌને આહ્વાન કર્યું હતું.

જામનગરના સંવાદદાતા જગત રાવલ જણાવે છે કે, મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધીની જન્મ જયંતી 2 ઓક્ટોબર અંતર્ગત આજરોજ શહેરના અલગ અલગ વિસ્તારોમાં કુલ 32 સ્થળો પર શ્રમદાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, આ કાર્યક્રમમાં જામનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓ મેયર, ડેપ્યુટી મેયર, સહિતના પદાધિકારીઓ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં શ્રમદાન કરવામાં આવ્યું હતું,

સાબરકાંઠાના સંવાદદાતા યોગેશ સથવારાએ જણાવ્યું કે, જિલ્લાના હિંમતનગરના કોંકણોલ ગામે મહાશ્રમદાન કાર્યક્રમમાં ધારાસભ્ય વી. ડી. ઝાલા ઉપસ્થિત રહી નીલકંઠ મહાદેવ મંદિર પરિસરની સફાઈમાં જોડાયા હતા.

પંચમહાલ જીલ્લાના સંવાદદાતા વિપુલ પુરોહિત જણાવે છે કે, ગોધરા શહેરમાં પણ ધારાસભ્ય સી કે રાઉલજી અને ગોધરા રેન્જ ડીઆઇજી રાજેન્દ્ર અસારીની ઉપસ્થિતિમાં શ્રમદાન કાર્યક્રમ અનુલક્ષીને સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું,

નર્મદા જિલ્લાના સંવાદદાતા દિપક જગતાપ જણાવે છે કે, દરેક તાલુકા અને ગામમાં ઓછામાં ઓછી એક શ્રમદાનની ગતિવિધિ થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ શ્રમદાન 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી' અને 'ઝીરો વેસ્ટ'ને પ્રોત્સાહન મળે તે પ્રકારનું છે. શ્રમદાન થકી એકત્રિત થયેલા કચરાનો યોગ્ય નિકાલ થાય તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## **wildlife week**

રાજ્યમાં 2 થી 8 ઓકટોબર દરમિયાન 33 જિલ્લા અને 250 તાલુકાઓમાં ‘વન્ય પ્રાણી સપ્તાહ’ની ઉજવણી કરાશે. ત્યારે વન વિભાગ સ્વછતા અભિયાનના સંદેશ સાથે ‘વન્ય પ્રાણી સપ્તાહ’ની ઉજવણી કરશે.

જે અંતર્ગત રાજ્યમાં આવેલા અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારોને 100 ટકા પ્લાસ્ટિક ફ્રી કરવા માટેનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે.